## (1) ગુજરાત ઔદ્યોગિક નીતિ, 2020 વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો.

(1) આ નીતિ હેઠળ આવનારા પાંચ વર્ષોમાં ઉદ્યોગોને આશરે 40,000 કરોડ રૂપિયાની સબસિડી આપવામાં આવશે.
(2) રાજ્ય સરકાર ચીનમાંથી બહાર નીકળનાર ઉદ્યોગને 'રીલોકેશન ઈન્સેન્ટીવ' આપશે.
(3) ગુજરાત પ્રથમ રાજ્ય બનશે જે ઈન્સેન્ટીવસને SGSTથી ડી–લિંક કરશે.
(4) મોટા ઉદ્યોગોને રાજ્યમાં ઉત્પાદન એકમો સ્થાપવા માટે ફિક્સ કેપીટલ ઈન્વેસ્ટમેન્ટ (FCI)ની 15% સુધીની રકમ કેપીટલ સબસિડી રૂપે આપવામાં આવશે.

(A) માત્ર (1), (2) અને (3)
(B) માત્ર (2), (3) અને (4)
(C) માત્ર (2) અને (4)
(D) આપેલ તમામ

⇛ **જવાબ :- A**

**સમજૂતી :**

⇛ ગુજરાત સરકારે નવી ઔદ્યોગિક નીતિ, 2020 જાહેર કરી છે. તેની મુખ્ય લાક્ષણિકતાઓ નીચે મુજબની છે :

- આવનાર પાંચ વર્ષોમાં ઉદ્યોગોને સબસિડી માટે આશરે 40,000 કરોડ રૂપિયા ફાળવવામાં આવ્યા છે. (આથી, વિધાન (1) સાચું છે.)
- COVID-19ના કારણે ઉદ્યોગો ચીનથી બહાર નીકળી રહયા છે. ગુજરાત સરકાર ચીન કે અન્ય દેશમાંથી શીફ્ટ કરવા ઈચ્છતા ઉદ્યોગોને આવકારે છે તથા આવા ઉદ્યોગોને 'રીલોકેશન ઈન્સેન્ટીવ' આપવામાં આવશે. (આથી, વિધાન (2) સાચું છે.)
- GSTની શરૂઆત થતાં કંપનીઓને SGSTને બદલે 'નેટ SGST' દ્વારા સહાય આપવામાં આવે છે. પરંતુ, ગુજરાત એવું પ્રથમ રાજ્ય બનશે જે SGSTથી અલગ રીતે ઈન્સેન્ટીવ આપશે. આમ, ગુજરાતે SGST અને ઈન્સેન્ટીવને ડી–લિંક કર્યા છે. (આથી, વિધાન (3) સાચું છે.)
- મોટા ઉદ્યોગોને રાજ્યમાં ઉત્પાદન એકમો સ્થાપવા માટે ફિક્સ્ડ કેપીટલ ઈન્વેસ્ટમેન્ટ (FCI)ની 12% સુધીની રકમ કેપીટલ સબસિડી રૂપે આપવામાં આવશે. આ સબસિડીની કોઈ ઉપલી મર્યાદા નથી પરંતુ સબસિડીની ટકાવારી 4થી 12% વચ્ચે રહેશે. (આથી, વિધાન (4) ખોટું છે.)
- આ નીતિ રાજ્યને 'આત્મનિર્ભર ગુજરાત' બનાવવા ઈચ્છે છે. MSME એકમોને ફોરેન પેટન્ટની ટેક્નોલોજી ખરીદવા માટે તેની કિંમતના 65% સુધીની સહાય અપાશે. (મહત્તમ સહાય રૂ. 50 લાખ)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## (2) દિલ્હી ઈલેક્ટ્રીક વાહન નીતિ વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) આ નીતિ હેઠળ ઈલેક્ટ્રીક વાહનો માટે રજિસ્ટ્રેશન ફી તથા રોડ ટેક્ષ માફ કરવામાં આવ્યો છે.

(2) આ નીતિ 2025 સુધીમાં 30% ઈલેક્ટ્રીક વાહનો હોવાનું લક્ષ્ય રાખે છે.

(3) ટુ–વ્હીલર તથા ઈ–રીક્ષા માટે 50,000 રૂપિયાનું ઈન્સેન્ટીવ આપવામાં આવશે.

(4) કાર માટે રૂ. 1.5 લાખ સુધીનું ઈન્સેન્ટીવ આપવામાં આવશે.

(A) માત્ર (1) અને (2)
(B) માત્ર (3) અને (4)
(C) માત્ર (1) અને (4)
(D) આપેલ તમામ

⇛ **જવાબ :- C**

**સમજૂતી :**

⇛ દિલ્હી દ્વારા નવી ઈલેક્ટ્રીક વાહન નીતિ જાહેર કરવામાં આવી છે. તેની મુખ્ય લાક્ષણિકતાઓ નીચે મુજબની છે :

- નીતિ 2024 સુધીમાં દિલ્હીમાં કુલ વાહનો પૈકી 25% ઈલેક્ટ્રીક વાહન હોવાનું લક્ષ્ય રાખે છે. વર્તમાન સમયે ઈલેક્ટ્રીક વાહનની ટકાવારી 0.29% છે. (આથી, વિધાન (2) ખોટું છે.)
- ઈલેક્ટ્રીક વાહનો માટે રજિસ્ટ્રેશન ફી તથા રોડ ટેક્ષ માફ કરવામાં આવ્યા છે. (આથી, વિધાન (1) સાચું છે.)
- નવી નીતિ મુજબ, ટુ–વ્હીલર, ઓટો, ઈ–રીક્ષા તથા માલવાહક વાહનને રૂ. 30,000 સુધીનું ઈન્સેન્ટીવ આપવામાં આવશે. (આથી, વિધાન (3) ખોટું છે.)
- કાર માટે રૂ. 1.5 લાખ સુધીનું ઈન્સેન્ટીવ જાહેર કરવામાં આવ્યું છે. (આથી, વિધાન (4) સાચું છે.)
- ઈલેક્ટ્રીક કોમર્શીયલ વાહનોને ઓછા વ્યાજદરે લોન આપવામાં આવશે.
- એક વર્ષમાં 200 ચાર્જીંગ સ્ટેશનની તથા 'સ્ટેટ ઈલેક્ટ્રીક વિહીકલ બોર્ડ'ની સ્થાપના કરવામાં આવશે.
- જે લોકો પોતાના પેટ્રોલ/ડિઝલથી ચાલતા વાહનોને બદલવા ઈચ્છતા હોય તેમને પણ ઈન્સેન્ટીવ આપવામાં આવશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## (3) 'ઈનોવેશન હબ' વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો.

(1) આ હબ નાણા મંત્રાલય દ્વારા લોંચ કરવામાં આવ્યું છે.
(2) આ દ્વારા દેશના સ્ટાર્ટ–અપને પ્રોત્સાહન મળશે.
(3) આ દ્વારા નાણાકીય સમાવિષ્ટતા ગાઢ કરવામાં તથા અસરકારક બેંકીંગ સેવાઓને પ્રોત્સાહન આપવામાં મદદ મળશે.
(4) આ હબ દ્વારા આપાતકાલીનના સમયમાં 'બિઝનેસ કન્ટીન્યુટી' (Business Continuity) જાળવવામાં મદદ મળશે.

(A) માત્ર (1), (2) અને (3)
(B) માત્ર (2), (3) અને (4)
(C) માત્ર (1) અને (4)
(D) આપેલત તમામ

⇛ **જવાબ :- B**

**સમજૂતી :**

⇛ RBI દ્વારા 'ઈનોવેશન હબ' લોંચ કરવામાં આવ્યું છે. (આથી, વિધાન (1) ખોટું છે.)

⇛ આ હબ સ્ટાર્ટ–અપને પ્રોત્સાહન આપવાના હેતુથી લોંચ કરવામાં આવ્યું છે. (આથી, વિધાન (2) સાચું છે.)

⇛ નવી ક્ષમતાઓના નિર્માણમાં તથા તેના વિકાસમાં આ દ્વારા મદદ મળશે.

⇛ આ દ્વારા નાણાકીય સમાવિષ્ટતા ગાઢ બનશે તથા અસરકારક બેંકીંગ સેવાઓને પ્રોત્સાહન મળી શકશે. (આથી, વિધાન (3) સાચું છે.)

⇛ આ હબ એક કેન્દ્ર તરીકે કાર્ય કરશે જેમાં વ્યવહારું અને ઈનોવેટીવ નાણાકીય પ્રોડકટનું નિર્માણ થઈ શકશે.

⇛ આ હબ ગ્રાહક સુરક્ષાને વધુ મજબૂત બનાવી શકશે તથા આપાતકાલીનના સમયમાં 'બિઝનેસ કન્ટીન્યુટી' જાળવવામાં મદદ કરશે. (આથી, વિધાન (4) સાચું છે.)

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

**(4) ઈન્ડિયા-યુ.એન. ડેવલપમેન્ટ પાર્ટનરશીપ ફંડ વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો.**

(1) આ ફંડનું મેનેજમેન્ટ UNDP દ્વારા કરવામાં આવે છે.
(2) આ ફંડ વિકાસશીલ દેશોને આર્થિક મંદીના સમયમાં મદદ કરે છે.
(3) આ ફંડ મુખ્યત્વે અલ્પ વિકસિત દેશ, લેન્ડલોક વિકાસશીલ દેશ તથા વિકાસશીલ નાના ટાપુ દેશ પર પોતાનું ધ્યાન કેન્દ્રિત કરે છે.
(4) તાજેતરમાં ભારતે આ ફંડમાં 15 મિલિયન ડોલર જેટલું ડોનેશન કર્યું છે.

(A) માત્ર (1), (2) અને (4) (B) માત્ર (3) અને (4)
(C) માત્ર (1) અને (3) (D) આપેલ તમામ

⇛ **જવાબ :- B**

**સમજૂતી :**

⇛ તાજેતરમાં ભારતે ઈન્ડિયા–યુ.એન. ડેવલપમેન્ટ પાર્ટનશીપ ફંડમાં 15.46 મિલિયન ડોલરનો ફાળો આપ્યો છે. (આથી, વિધાન (4) સાચું છે.)

⇛ આ ફંડનું મેનેજમેન્ટ UNOSSC-યુનાઈટેડ નેશન્સ ઓફિસ ફોર સાઉથ–સાઉથ કો–ઓપરેશન દ્વારા કરવામાં આવે છે. (આથી, વિધાન (1) ખોટું છે.)

⇛ આ ફંડની સ્થાપના 2017માં કરવામાં આવી હતી.

⇛ ફંડનો હેતુ વિકાસલક્ષી દેશોને ટકાઉ વિકાસ લક્ષ્યો, 2030 સિદ્ધ કરવામાં મદદ કરવાનો છે. (આથી, વિધાન (2) ખોટું છે.)

⇛ આ ફંડ મુખ્યત્વે અલ્પવિકસિત દેશ, લેન્ડલોક વિકાસશીલ દેશ તથા વિકાસશીલ નાના ટાપુ દેશ પર પોતાનું ધ્યાન કેન્દ્રિત કરે છે. (આથી, વિધાન (3) સાચું છે.)

⇛ ભારતે અત્યાર સુધીમાં આ ફંડમાં 41.8 મિલિયન ડોલરનો ફાળો આપેલો છે. ભારતે આવનાર દશકમાં 150 મિલિયન ડોલરનો ફાળો આપવાનું વચન કરેલું છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## (5) ભારતના કેગ (CAG) વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો.

(1) ભારતના બંધારણમાં અનુચ્છેદ 155-160માં કેગનો ઉલ્લેખ છે.

(2) કેગ ભારતના ઓડીટ અને એકાઉન્ટ વિભાગના અધ્યક્ષ હોય છે.

(3) કેગનો કાર્યકાળ 5 વર્ષનો અથવા 65 વર્ષની ઉંમર સુધીનો હોય છે.

(4) તે પોતાના ઓડીટ રિપોર્ટ સ્પીકરને આપે છે.

(A) માત્ર (1) અને (4)

(B) માત્ર (2)

(C) માત્ર (2), (3) અને (4)

(D) માત્ર (1) અને (3)

⇛ જવાબ :- B

**સમજૂતી :**

⇛ તાજેતરમાં જમ્મુ–કાશ્મીરના LG (Lieutenant Governor)એ પોતાનું રાજીનામું આપ્યું હતું. તેઓને ભારતના નવા CAG (Comptroller and Auditor General) તરીકે નિમણૂક કરવામાં આવ્યા છે.

⇛ બંધારણમાં કેગની સ્વતંત્ર ઓફિસનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

⇛ બંધારણના અનુચ્છેદ 148-151માં કેગનો ઉલ્લેખ છે. (આથી, વિધાન (1) ખોટું છે.)

⇛ તેઓ ભારતના ઓડીટ અને એકાઉન્ટ વિભાગના અધ્યક્ષ હોય છે. (આથી, વિધાન (2) સાચું છે.)

⇛ તેમનો કાર્યકાળ 6 વર્ષનો અથવા તો 65 વર્ષની ઉંમર સુધીનો હોય છે. (આથી, વિધાન (3) ખોટું છે.)

⇛ તેની નિમણૂક રાષ્ટ્રપતિ દ્વારા કરવામાં આવે છે.

⇛ તે કેન્દ્રના એકાઉન્ટને લગતા ઓડીટ રિપોર્ટ રાષ્ટ્રપતિને આપે છે જ્યારે રાજ્યને લગતા રિપોર્ટ રાજ્યપાલને આપે છે. (આથી, વિધાન (4) ખોટું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

**સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ
તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે
નીચે આપેલા અમારા**
Social Media Icon **પર** Click **કરો.**

**JOIN OUR TELEGRAM**
t.me/icerajkotofficial

YouTube
ICE RAJKOT

Instagram
ICE RAJKOT

Facebook
*like | comment | share*
ICE RAJKOT

twitter
ICE RAJKOT